


ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 242
Dt.: 14-05-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


### રાજસ્થાનના જયપુરથી ૩, હરિયાણાના ગુરુગ્રામથી ૧ અને મહારાષ્ટ્રના નાસિકથી ૧ આરોપીનો સમાવેશ થાય છે

# NEET UG-2026 પેપર લીક: CBI એ ૫ આરોપીઓની ધરપકડ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG-2026 માં થયેલી ગેરરીતિઓ અને પેપર લીક મામલે કેન્દ્રીય તપાસ એજન્સી (CBI) એ હવે સકંજો કસ્યો છે. આ કેસમાં CBI એ અત્યાર સુધીમાં ૫ આરોપીઓની ધરપકડ કરી છે અને દેશભરમાં અનેક સ્થળોએ દરોડા પાડીને તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. દેશની સૌથી પ્રતિષ્ઠિત મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG-2026 માં કથિત પેપર લીક અને અનિયમિતતાના કેસમાં CBI એ મોટી કાર્યવાહી કરી છે. તપાસ એજન્સીએ અત્યાર સુધીમાં કુલ ૫ આરોપીઓની ધરપકડ કરી છે. આ ધરપકડો અલગ-અલગ રાજ્યોમાંથી કરવામાં આવી છે. જેમાં રાજસ્થાનના જયપુરથી ૩, હરિયાણાના ગુરુગ્રામથી ૧ અને મહારાષ્ટ્રના નાસિકથી ૧ આરોપીનો સમાવેશ થાય છે. શિક્ષણ મંત્રાલયની ફરિયાદના આધારે CBI એ ૧૨ મેના રોજ FIR દાખલ કરી હતી. આ ફરિયાદમાં ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને નવા કાયદા પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. CBI હાલમાં એ શોધી રહી છે કે આ પેપર લીકનું નેટવર્ક કેટલું મોટું છે અને તેમાં કોઈ કોચિંગ સેન્ટર કે મોટા દલાલોની સંડોવણી છે કે કેમ? દરોડા દરમિયાન અનેક મહત્વપૂર્ણ દસ્તાવેજો, લેપટોપ અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે, જેની ફોરેન્સિક તપાસ ચાલી રહી છે. CBI આ કેસમાં રાજસ્થાન પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) સાથે સંકલન સાધી રહી છે. આરોપીઓના કોલ રેકોર્ડ્સ, સોશિયલ મીડિયા ચેટ્સ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનની ઊંડી તપાસ કરવામાં આવી રહી છે. જેથી પેપર કઈ રીતે અને કોના સુધી પહોંચ્યું તે જાણી શકાય. લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલા આ મુદ્દે CBI એ નિષ્પક્ષ અને વ્યાપક તપાસની ખાતરી આપી છે. આ કેસમાં ભારત સરકારે તાજેતરમાં અમલમાં મૂકેલા નવા કાયદા હેઠળ કાર્યવાહી થઈ રહી છે. આ કાયદામાં પેપર લીક કરનારાઓ માટે ૧૦ વર્ષ સુધીની જેલ અને ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.વર્ષ ૨૦૨૪ માં પણ NEET પરીક્ષા વિવાદોમાં રહી હતી, જેમાં ગ્રેસ માર્ક્સ અને પેપર લીકના આક્ષેપો બાદ સુપ્રીમ કોર્ટને દરમિયાનગીરી કરવી પડી હતી. ૨૦૨૬ માં CBI ની આ ઝડપી કાર્યવાહી એ સંકેત આપે છે કે સરકાર પરીક્ષાની ગરિમા જાળવવા માટે વધુ કટિબદ્ધ છે. NEET UG-2026 માં આશરે ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે તેને વિશ્વની સૌથી મોટી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક બનાવે છે.

### સમર્થનમાં ૧૪૪ અને વિરોધમાં ૨૨ વોટ પડ્યા

# તમિલનાડુમાં થલાપતિ વિજયે આખરે સાબિત કરી બહુમતી

### વિપક્ષી પક્ષો મતદાન પહેલા ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

મુખ્યમંત્રી વિજય થલાપતિએ તમિલનાડુ વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ પાસ કરી લીધો છે. ફ્લોર ટેસ્ટમાં વિજય સરકારને ૧૪૪ ધારાસભ્યોએ સમર્થન આપ્યું હતું. જ્યારે મુખ્ય વિપક્ષી પક્ષો ફ્લોર ટેસ્ટના મતદાન પહેલા ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા. આ સાથે ટીવીકેના નેતૃત્વ હેઠળના ગઠબંધન સરકારે વિધાનસભામાં વિશ્વાસ મત હાંસલ કરી લીધો છે.

૨૩૪ સભ્યોની તમિલનાડુ વિધાનસભામાં ટીવીકે ગઠબંધન સૌથી મોટી શક્તિ તરીકે ઉભરી આવ્યું હતું, પરંતુ તેની પાસે સ્પષ્ટ બહુમતી નહોતી. વિજયે કોંગ્રેસ, સીપીઆઈ, સીપીઆઈ (એમ), વીસીકે, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ) અને કેટલાક અપક્ષો અને નાના પક્ષોના સમર્થનથી સરકાર બનાવી હતી. ફ્લોર ટેસ્ટ દરમિયાન ગઠબંધનને કુલ ૧૪૪ ધારાસભ્યોનો ટેકો મળ્યો હતો.

વિધાનસભાની કાર્યવાહી શરૂ થયા પછી મુખ્યમંત્રી વિજયે વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો. ચર્ચા દરમિયાન શાસક પક્ષના સાથી પક્ષોએ સરકારને પોતાનો ટેકો વ્યક્ત કર્યો હતો, જ્યારે વિપક્ષે અનેક મુદ્દાઓ પર સરકાર પર નિશાન સાધ્યું હતું. જો કે, મતદાન પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં મુખ્ય વિપક્ષી પક્ષો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા. TVK વિધાનસભા ચૂંટણીમાં ૧૦૮ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો, પરંતુ બહુમતીથી ૧૦ બેઠકો ઓછી પડી ગઈ. વિજયે બે વિધાનસભા બેઠકો જીતી. તેમણે એક બેઠક ખાલી કરવી પડશે, જેનાથી TVKની સંખ્યા ૧૦૭ થઈ જશે. TVKના સાથી પક્ષોમાં કોંગ્રેસના પાંચ ધારાસભ્યો, CPI, CPI(M), VCK અને IUML ના બે-બે ધારાસભ્યોનો સમાવેશ થાય છે. આને જોડીને વિધાનસભામાં ગઠબંધનની કુલ સંખ્યા ૧૨૦ પર પહોંચી ગઈ છે. જોકે, વિજયની પાર્ટીને ફ્લોર ટેસ્ટમાં ૧૪૪ ધારાસભ્યોનો ટેકો મળ્યો હતો. તમિલનાડુ વિધાનસભામાં બોલતા મુખ્યમંત્રી વિજયે તેમની સરકારને ટેકો આપનારા તમામ સાથી પક્ષોનો આભાર માન્યો.

## USમાં પૂર્વ મહિલા મેયર વાંગે ચીનની જાસૂસ હોવાનું કબૂલ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)કેલિફોર્નિયા

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના આર્કાડિયા શહેરના પૂર્વ મેયર ઈલીન વાંગે ચીનની સરકારના કહેવાથી જાસૂસી અને ચીનના સમર્થનમાં પ્રચાર કરવાનો આરોપ સ્વીકારી લીધો છે.

વર્ષ ૨૦૨૨માં મેયર તરીકે ચૂંટાયેલા વાંગે આ આરોપો જાહેર થયા બાદ દબાણમાં આવીને રાજીનામું આપ્યું હતું. આ સમગ્ર મામલો ૨૦૨૦-૨૦૨૨ દરમિયાનનો છે, જ્યારે અમેરિકામાં જો બાઈડનની સરકાર હતી.વાંગ પર એક ન્યૂઝ વેબસાઈટ દ્વારા અમેરિકામાં ચીનના સમર્થનમાં માહોલ ઊભો કરવાનો આરોપ છે.

એફબીઆઈના જણાવ્યા મુજબ, વાંગ ચીનની કોમ્યુનિસ્ટ સરકારના ઈશારે સામગ્રી પોસ્ટ કરતી હતી અને ચાઈનીઝ મેસેજિંગ એપ 'વી-ચેટ' દ્વારા પોતાના હેન્ડલર્સના સંપર્કમાં હતી.

## હિન્દુ રહેવા માટે મંદિરે જવું કે પૂજા પાઠ કરવા જરૂરી નથી : સુપ્રીમ કોર્ટનું મોટું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સબરીમાલા મંદિર અને અન્ય ધાર્મિક સ્થળોએ મહિલાઓના પ્રવેશ તેમજ ભેદભાવના મામલે સુપ્રીમ કોર્ટમાં એક અત્યંત મહત્વની સુનાવણી ચાલી રહી છે. આ સુનાવણી દરમિયાન બુધવારે (૧૩ મે, ૨૦૨૬) દેશની સર્વોચ્ચ અદાલતે હિન્દુ ધર્મ અને આસ્થાને લઈને એક બહુ જ મોટું અને સૂચક અવલોકન કર્યું છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે હિન્દુત્વ એ કોઈ બંધાયેલો કટ્ટર ધર્મ નથી, પરંતુ એક જીવન જીવવાની રીત (way of life) છે. સાચા હિન્દુ હોવા માટે કે પોતાની શ્રદ્ધા સાબિત કરવા માટે તમારે રોજ મંદિરે જવું કે મોટા-મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરવા જરાય જરૂરી નથી. જો તમે તમારા ઘરના ખૂણામાં આસ્થાથી એક નાનકડો દીવો પ્રગટાવી લો છો, તો પણ તમારી શ્રદ્ધા સાબિત કરવા માટે તે પૂરતું છે. તમને જણાવી દઈએ કે, હાલમાં



મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની ૯ જજોની એક મોટી બંધારણીય બેન્ચ આ સંવેદનશીલ કેસની સુનાવણી કરી રહી છે. આ અરજીઓમાં સબરીમાલા મંદિરમાં મહિલાઓ સાથે થતા ભેદભાવથી લઈને દાઉદી વ્હોરા સમુદાય સહિતના અલગ-અલગ ધર્મોમાં 'ધાર્મિક સ્વતંત્રતા' ના અધિકારોની મર્યાદા અંગે ચર્ચા થઈ રહી છે. બુધવારે આ કેસની સુનાવણીનો ૧૫મો દિવસ હતો. કોર્ટરૂમમાં ચર્ચા દરમિયાન શું થયું તે વિગતે જાણીએ તો, સુનાવણી શરૂ થતાં જ એક પક્ષના વકીલ ડૉ. જી. મોહન ગોપાલે પોતાની દલીલ રજૂ કરી હતી. તેમણે કહ્યું કે હવે અલગ-અલગ ધાર્મિક સમુદાયોમાંથી સામાજિક ન્યાયની માંગ ઊઠી રહી છે. ૧૯૬૬ ના એક સંદર્ભનો ઉલ્લેખ કરતા વકીલે કહ્યું કે, "એક સમયે એવું માની લેવાયું હતું કે જે વ્યક્તિ આધ્યાત્મિક અને દાર્શનિક બાબતોમાં વેદોને સર્વોચ્ચ માને છે તે જ સાચો હિન્દુ છે. જોકે મને વેદો પ્રત્યે પૂરો આદર છે, પરંતુ મારો સવાલ એ છે કે શું આજે પોતાની જાતને હિન્દુ કહેવડાવતો દરેક વ્યક્તિ ખરેખર વેદોને જ સર્વોચ્ચ માને છે? અમને તો કોઈએ પૂછ્યું જ નહોતું."

વકીલની આ દલીલનો ખૂબ જ સચોટ જવાબ આપતા જસ્ટિસ બી.વી. નાગરત્નાએ કહ્યું કે, "તમારી વાત સાચી છે, અને એટલા માટે જ તો હિન્દુ ધર્મને એક 'જીવનશૈલી' કહેવામાં આવે છે. એક હિન્દુ તરીકે રહેવા માટે કાયમ મંદિરમાં જવું કે કોઈ ચોક્કસ ધાર્મિક વિધિઓ કરવી ફરજિયાત નથી." જસ્ટિસ નાગરત્નાએ એમ પણ ઉમેર્યું કે કોઈ પણ વ્યક્તિએ પરાણે ધાર્મિક બનવાનો દેખાડો કરવાની જરૂર નથી અને સાચા શ્રદ્ધાળુ લોકોના માર્ગમાં કોઈ કાનૂન કે પ્રથા અવરોધ બની શકે નહીં. આ ચર્ચામાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે પણ સૂર પુરાવતા નોંધ્યું કે વ્યક્તિની શ્રદ્ધા સાબિત કરવા માટે પોતાના ઘરમાં પ્રગટાવેલો એક દીવો પણ કાફી છે. અત્રે એ પણ યાદ કરવું જરૂરી છે કે, સપ્ટેમ્બર ૨૦૧૮ માં સુપ્રીમ કોર્ટની ૫ જજોની બંધારણીય બેન્ચે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. આ બહુમતી ચુકાદામાં કેરળના સબરીમાલા અયપ્પા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશ પર જે સદીઓ જૂનો પ્રતિબંધ હતો, તેને ગેરબંધારણીય અને ગેરકાયદેસર ગણાવીને ફગાવી દીધો હતો.






### NCRBના રિપોર્ટમાં સલામત ગુજરાતનો ફુગ્ગો ફૂટ્યો

# ગુજરાતમાં તસ્કરોએ ૧૦૬૯ કરોડની ચોરી કરી, ૨૨૧ કરોડ રિકવર

### ચોરી થયેલી રકમ અને ચીજવસ્તુઓ પરત મેળવવાનો રિકવરી રેટ માત્ર ૨૭-૩૦ ટકા જ રહ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જેના ખોફથી ગુનેગારો થરથર કાંપવા જોઈએ પણ હવે એ સ્થિતિ રહી નથી. તસ્કરો માટે તો અચ્છે દિન આવ્યા હોય તેવુ ચિત્ર ઉપસ્યું છે, તેનુ કારણ એછેકે, ગુજરાતમાં છેલ્લા ૩૬ મહિનામાં તસ્કરોએ ૧૦૬૯ કરોડ રૂપિયાની માતબર રકમ પર હાથ સાફ કર્યો છે. જેની સામે પોલીસ માત્ર ૨૨૧ કરોડ રૂપિયા જ પરત લાવી શકી છે. ૭૮૭ કરોડ રૂપિયાનો કોઈ અતોપત્તો નથી. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના રિપોર્ટે જ સલામત ગુજરાતનો ફુગ્ગો ફોડ્યો છે.જો તમારા ઘરેથી ૧૦૦ રૂપિયાની ચોરી થાય, તો પોલીસ માંડ ૨૭ રૂપિયા શોધી લાવવાની 'ગેરંટી આપે છે! નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરોના આંકડા દર્શાવે છેકે, વર્ષ ૨૦૨૨માં ગુજરાતમાં કુલ મળીને ૩૦૦.૩ કરોડ રૂપિયાની તસ્કરોએ ચોરી કરી હતી. પોલીસે બધી શોધખોળ કરતાં માત્ર ૯૦.૨ કરોડ રૂપિયા માલમત્તા પરત મેળવી શકાઈ હતી.

આ જ પ્રમાણે, વર્ષ ૨૦૨૩માં તસ્કરોને મોકળુ મેદાન મળ્યુ હોય તેમ ૪૨૩.૩ કરોડ રૂપિયાની ચોરી કરી હતી. પોલીસે તપાસ હાથ ધરતાં ૯૮.૧ કરોડ રૂપિયાની મત્તા પાછી મેળવી શકાઈ હતી.

વર્ષ ૨૦૨૪માં ચોરોએ ૩૪૬ કરોડ રૂપિયાની માલમતા પર હાથફેરો કર્યો હતો. પોલીસ માત્ર ૯૪.૨ કરોડ રૂપિયા રોકડ-વસ્તુઓ પરત મેળવી શકી હતી.

ટૂંકમાં, ચોરી થયેલી રકમ અને ચીજવસ્તુઓ પરત મેળવવાનો રિકવરી રેટ માત્ર ૨૭-૩૦ ટકા જ રહ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે, ૭૦%થી વધુ રકમ પાછી મળવાની હવે કોઈ આશા બચી નથી.

સલામત ગુજરાતના બણગા ફૂંકવામાં આવી રહ્યાં છે. ત્યારે ત્યારે ગુજરાતની નિર્દોષ જનતાના ૭૮૭ કરોડ રૂપિયાને હજુ પોલીસ શોધી શકી નથી. ગુજરાતમાં ચોરીના કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. તસ્કરો કર્યા છે. માટે ગુજરાત જાણે સ્વર્ગ સમાન હોય તેમ લાગી રહ્યુ છે આમ છતાંય સરકાર એક જ રટણ રટી રહી છેકે, ઓલ ઈઝ વેલ. વાસ્તવમાં નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરોના આંકડાએ જ પોલીસ ઈન્વેસ્ટીગેશન સામે સવાલ ઉભા કર્યા છે. અત્યાધુનિક સાધનોથી સજ્જ પોલીસ જાણે તસ્કરો સામે લાચાર અને બેબસ હોય તેવું લોકો અનુભવી રહ્યાં છે. આ કારણોસર જ ચોરીની રકમ પરત મેળવવામાં ખાખી વર્દી જાણે નિષ્ફળ નિવડી રહી છે.






# તંત્રી લેખ......

## ઉમેદવારો સાથે રમત

પ્રશ્નપત્ર લીક થવાને કારણે મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટેની પાત્રતા પરીક્ષા, નીટને ફરજિયાત રદ કરવી એટલી જ શરમજનક છે જેટલી ચિંતાજનક છે. પરીક્ષા રદ કરવી પડી કારણ કે રાજસ્થાન પોલીસને કેટલાક વિદ્યાર્થીઓ પાસેથી અનુમાનપત્રો મળી આવ્યા હતા, જેમાં ૪૧૦ માંથી ૧૪૦ થી વધુ પ્રશ્નો મૂળ પરીક્ષાના પ્રશ્નો જેવા જ હતા. તે સ્પષ્ટ છે કે પરીક્ષા હેક કરનારાઓએ પરીક્ષા પહેલા ક્યાંકથી પ્રશ્નપત્રો મેળવ્યા હતા. આ મામલાની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી છે અને નીટ ટૂંક સમયમાં ફરીથી યોજાશે તે સંતોષકારક નથી, કારણ કે ૨.૨ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓએ ફરીથી પરીક્ષા આપવી પડશે.

આટલી મોટી પરીક્ષા ફરીથી યોજવાનો અર્થ એ છે કે વિદ્યાર્થીઓ સાથે સરકારનો સમય અને સંસાધનોનો બગાડ થાય છે. વિદ્યાર્થીઓ પર પડેલા માનસિક ત્રાસની ભરપાઈ કરવી મુશ્કેલ છે. નિષ્પક્ષ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સુનિશ્ચિત કરવા માટે રચાયેલી રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી તેના ઉદ્દેશ્યમાં નિષ્ફળ રહી છે તેનાથી મોટી વિડંબના બીજી કોઈ નથી.નીટમાં ગેરરીતિ અને ગેરવહીવટના કિસ્સાઓ પહેલા પણ સામે આવ્યા છે.

પરીક્ષામાં ગોટાળાના આરોપો ભૂતકાળમાં ઘણી વખત સામે આવ્યા છે, અને બે વર્ષ પહેલાં, આ આરોપોએ એટલી ગતિ પકડી હતી કે દ્દછ ને કેટલાક કેન્દ્રો પર પરીક્ષા રદ કરવી પડી હતી અને તેને ફરીથી યોજવી પડી હતી. ભૂતકાળમાં,એનટીએ દ્વારા લેવામાં આવતી ઘણી અન્ય પરીક્ષાઓ પણ ગેરરીતિઓ દ્વારા પ્રભાવિત થઈ છે અથવા ગોટાળાના ભયને કારણે મુલતવી રાખવામાં આવી છે. તે સ્પષ્ટ છે કે આ એજન્સી ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે આ કેમ થઈ રહ્યું છે તેના તળિયે જવું જોઈએ.એનટીએની વિશ્વસનીયતા પર પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે તે સમજવું જોઈએ. ઈન્ટરનેટ અને કોમ્પ્યુટરના આ યુગમાં, પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવાની અને તેમને દેશભરના સેંકડો કેન્દ્રો પર મોકલવાની જૂની પ્રક્રિયા કેમ ચાલુ છે? આ પ્રક્રિયા ગમે ત્યારે જોખમમાં મુકાઈ શકે છે. લાખો વિદ્યાર્થીઓને લગતી પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રોના બહુવિધ સેટ કેમ તૈયાર કરવામાં આવતા નથી તે સમજવું પણ મુશ્કેલ છે, જેથી જો એક પ્રશ્નપત્ર લીક થાય, તો આખી પરીક્ષા રદ ન કરવી પડે.

એનટીએનું કાર્ય અસંતોષકારક છે કારણ કે તે જૂની પદ્ધતિઓથી કાર્ય કરે છે અને વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય પરીક્ષાઓમાંથી શીખવા માટે તેની સિસ્ટમને પ્રેરણા આપવામાં નિષ્ફળ જાય છે. કમનસીબે, અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા આયોજક સંસ્થાઓ સાથે પણ આવી જ પરિસ્થિતિ છે. આ જ કારણ છે કે પ્રશ્નપત્ર લીક થવાનું ચાલુ રહે છે.

### સાબરમતી સ્ટેશનથી ટ્રેન દ્વારા દિલ્હી માટે પ્રસ્થાન કર્યું

# માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સાબરમતી રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું

તા. ૧૩.૦૫.૨૦૨૬ના રોજ ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પુનર્વિકાસ હેઠળના સાબરમતી રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન માનનીય રાજ્યપાલશ્રીએ સાબરમતી સ્ટેશન પર પ્રદર્શિત લઘુ મોડેલ તથા સ્ટેશન પુનર્વિકાસ યોજનાનું અવલોકન કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે માનનીય રાજ્યપાલશ્રીને સાબરમતી રેલવે સ્ટેશન તથા NHSRCL (બુલેટ ટ્રેન) સ્ટેશન પ્રોજેક્ટ અંગે વિગતવાર માહિતી આપી હતી.

આ પ્રસંગે માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મીડિયાને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે આજે તેમને પ્રથમ વખત સાબરમતી રેલવે સ્ટેશન નિહાળવાનો અવસર મળ્યો છે. તેમણે જણાવ્યું કે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ તથા શ્રી અન્નુ ત્યાગી દ્વારા સ્ટેશન પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી, જેને જોઈ તેઓ અત્યંત આશ્ચર્યચકિત અને આનંદિત થયા છે. માનનીય રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા શરૂ કરાયેલ બુલેટ ટ્રેન અભિયાન ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અને ખાસ કરીને ગુજરાતમાં તેનું કાર્ય અત્યંત પ્રભાવશાળી રીતે આગળ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું કે દેશના વિવિધ ભાગોમાં નિયમિત રીતે સંચાલિત થતી ટ્રેનોના સંચાલનમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ સર્જાયા વિના એટલું ભવ્ય અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવું પોતાના માં



અનોખું છે અને કદાચ ભારતમાં પ્રથમ વખત આ પ્રકારનું સ્ટેશન વિકસિત થઈ રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે તેમને માહિતી મળી છે કે ભારત સરકારની કેબિનેટ દ્વારા આજે જ ધોલેરાથી સાબરમતી સુધીની સેમી હાઈ સ્પીડ ટ્રેન પ્રોજેક્ટને અંદાજે રૂ. ૨૦,૦૦૦ કરોડની મંજૂરી આપવામાં આવી છે. સાથે સાથે અમદાવાદ અને ગાંધીનગર વિસ્તાર મેટ્રો નેટવર્ક સાથે પણ જોડાયેલો છે, જેના કારણે મુસાફરોને દેશના વિવિધ ભાગોમાં જવા માટે ઉત્તમ અને નિરવિઘ્ન કનેક્ટિવિટી પ્રાપ્ત થશે. માનનીય રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે સાબરમતી સ્ટેશનને અત્યંત સુવ્યવસ્થિત અને આધુનિક રીતે વિકસાવવામાં આવી રહ્યું છે, જ્યાં આવતી અને જતી ટ્રેનો માટે અલગ વ્યવસ્થા રહેશે. બુલેટ ટ્રેન, મેટ્રો તથા દેશના વિવિધ ભાગોથી આવતી ટ્રેનોનું આ સંગમ ભવિષ્યમાં એક દર્શનીય કેન્દ્ર બનશે, જેના પર દેશવાસીઓને ગૌરવ અને સ્વાભિમાનનો અનુભવ થશે. તેમણે આ આધુનિક વિકાસ કાર્ય માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ તેમજ રેલવે પ્રશાસન અને તમામ રેલ અધિકારીઓને શ્રેય આપ્યો. માનનીય રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે તેઓ આજે રેલમાર્ગ દ્વારા દિલ્હી માટે પ્રસ્થાન કરી રહ્યા છે અને પ્રધાનમંત્રીજી દ્વારા દેશવાસીઓને કરાયેલી અપીલને અનુરૂપ તેમણે સંકલ્પ કર્યો છે કે તેમની મોટાભાગની આગામી યાત્રાઓ રેલવે અને એસટી બસ મારફતે જ થશે. તેમણે જણાવ્યું કે તેઓ દર અઠવાડિયે ગુજરાતના વિવિધ તાલુકાઓમાં ખેડૂતો વચ્ચે જાય છે, જનસભાઓ કરે છે, વૃક્ષારોપણ કાર્યક્રમોમાં ભાગ લે છે તથા અનુસૂચિત જાતિના પરિવારો વચ્ચે સમય વિતાવે છે. હવે તેઓ આ યાત્રાઓ હવાઈ માર્ગના બદલે રેલવે અને એસટી બસ મારફતે કરશે. સાથે સાથે તેમણે પોતાના કાફલાને પણ મર્યાદિત કરીને માત્ર ત્રણ વાહનો સુધી રાખ્યો છે, જેથી દેશના વિકાસ અને ઊર્જા સંરક્ષણમાં પોતાનું યોગદાન આપી શકે.

### આટલા ઉપાયો અજમાવી આ ઉનાળે "લૂ"ને મ્હાત આપો અને તમારા પરિવારને સુરક્ષિત રાખો

# હીટવેવ માર્ગદર્શિકા: હીટવેવથી હારવાનું નથી, લડવાનું છે: રેડ એલર્ટમાં કેવી રીતે રાખશો કાળજી?

ગુજરાતમાં ઉનાળા દરમિયાન વધતા જતા તાપમાન અને હીટવેવ એટલે કે, લૂની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ઉનાળામાં ગરમીને ધ્યાને રાખીને હવામાન વિભાગ દ્વારા જ્યારે પણ 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવે, તે સમયાગાળો માત્ર ગરમી નહિ, પરંતુ સ્વાસ્થ્ય માટે એક ગંભીર ચેતવણી સમાન છે. આ કાળઝાળ ગરમીમાં તમામ વયના નાગરિકોને સુરક્ષિત રહેવા માટે માર્ગદર્શિકામાં જણાવેલા પગલાઓ અચૂક લેવા જોઈએ.

★૧. હીટવેવ દરમિયાન સામાન્ય સાવચેતીઓ (તમામ માટે)

● દિવસ દરમિયાન તરસ ન લાગે તો પણ દર ૨૦-૩૦ મિનિટે પુષ્કળ પ્રમાણમાં પાણી પીતા રહો. પાણી ઉપરાંત છાશ, નારિયેળ પાણી અથવા લીંબુ અને વરીયાળીના શરબત જેવા કુદરતી પીણા લેતા રહો, જે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ્સ જાળવી રાખશે.

● હળવા રંગના, સુતરાઉ અને ઢીલા કપડાં પહેરો.

● તાજો અને પચવામાં હળવો ખોરાક જ આહાર તરીકે લો. વધુ પડતા પ્રોટીનયુક્ત, મસાલેદાર, તળેલા કે વાસી ખોરાકથી બચો. કાચી ડુંગળી અને કાકડી તરબૂચ, ટેટી જેવા પાણીથી ભરપૂર ફળોનું સેવન કરો.

● શક્ય હોય ત્યાં સુધી બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાક દરમિયાન સીધા સૂર્યપ્રકાશમાં બહાર જવાનું ટાળો. જો નીકળવું જ પડે, તો માથું અને કાન રૂમાલથી ઢાંકેલા હોવા જોઈએ.

★૨. રેડ એલર્ટ એટલે શું?

●રેડ એલર્ટનો અર્થ છે કે, ગરમી હવે માત્ર અગવડતા નથી, પણ સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો છે. આ સમયે હીટ સ્ટ્રોકની શક્યતા સૌથી વધુ હોય છે.

★૩. 'રેડ એલર્ટ' દરમિયાન લેવાના ખાસ પગલાં

● જ્યારે તાપમાન પારો 45°C ને પાર કરે અથવા અત્યંત ગંભીર સ્થિતિ હોય ત્યારે, અત્યંત જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળો.

● દિવસમાં બે વાર ઠંડા પાણીથી સ્નાન કરો. ઘરની બારીઓ પર પડદા રાખો અને ઘરને ઠંડુ રાખો.

● ORSનું દ્રાવણ ઘરે વસાવો. ડીહાઈડ્રેશનના લક્ષણો જણાય તો તુરંત તેનો ઉપયોગ શરૂ કરો.

★૪. વિવિધ વયજૂથ માટે વિશેષ સૂચનાઓ

● બાળકો અને નવજાતને સીધા તડકાથી બચાવો. વારંવાર પાણી કે પ્રવાહી આપતા રહો. તેમને ક્યારેય બંધ પાર્ક કરેલી ગાડીમાં એકલા ન છોડો.

● જે પણ વૃદ્ધ અને બીમાર વ્યક્તિને બીપી, ડાયાબિટીસ કે હૃદયની બીમારી છે, તેમને ઠંડકવાળા વાતાવરણમાં જ રાખવા. તબિયતમાં થોડો પણ ફેરફાર જણાય તો તાત્કાલિક ધોરણે નજીકના ડૉક્ટરનો સંપર્ક કરવો.

● કામદારો અથવા શ્રમિકોએ બપોરના સમયે ભારે શારીરિક શ્રમ ટાળવો. કામના સ્થળે શેડ અને પીવાના પાણીની વ્યવસ્થા રાખવી.

● મુસાફરોએ લાંબી મુસાફરી દરમિયાન પોતાની સાથે પાણીની બોટલ અને પ્રાથમિક સારવારની કીટ અવશ્ય સાથે રાખવી.

★૫. હીટ સ્ટ્રોક અથવા લૂ લાગવાના લક્ષણો

● ખૂબ ઊંચો તાવ આવવો.

● માથામાં અસહ્ય દુખાવો અને ચક્કર આવવા.

● ઊબકા કે ઉલટી થવી.

● ત્વચા લાલ, ગરમ અને સૂકી થઈ જવી.

★૬. હીટ સ્ટ્રોક અથવા લૂ લાગ્યા બાદનો પ્રાથમિક ઉપચાર

● અસરગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક છાંયડામાં અથવા ઠંડી જગ્યાએ લઈ જવો.

● શરીર પર ઠંડા પાણીના પોતાં મૂકવા.

● જો વ્યક્તિ ભાનમાં હોય, તો તેને ધીમે-ધીમે પાણી અથવા ORS પીવડાવવું.

● તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સની મદદ લેવી અથવા વ્યક્તિને નજીકના દવાખાને ખસેડવો.

★૭. ઘરને કેવી રીતે રાખશો ઠંડુ?

● દિવસના સમયે બારી-બારણાં બંધ રાખીને ઘેરા રંગના પડદા લગાવો જેથી ગરમી અંદર ન આવે.

●સાંજે અને રાત્રે બારીઓ ખુલ્લી રાખો જેથી ઠંડી હવા અંદર આવી શકે.

● ધાબા પર સફેદ ચૂનો અથવા હીટ રિફ્લેક્ટિવ પેઈન્ટ લગાવવાથી પણ ઘરના તાપમાનમાં ઘટાડો કરી શકાય છે.

★૭. સામાજિક જવાબદારી

● તમારા ઘરની બહાર પક્ષીઓ માટે કુંડા અને પ્રાણીઓ માટે પાણીની વ્યવસ્થા કરવી.

● જો રસ્તા પર કોઈ વ્યક્તિ ગરમીથી બેભાન અવસ્થામાં જણાય, તો માનવતાના ધોરણે તેમને મદદ કરવી.

● ગામડામાં રહેતા લોકોએ પશુઓને સુરક્ષિત અને ઠંડી જગ્યાએ રાખવા તથા તેમના માટે પાણીની પૂરતી વ્યવસ્થા રાખવી. શક્ય હોય તો ગાય-ભેંસો માટે પંખાની પણ વ્યવસ્થા કરવી.

હીટવેવથી હારવાનું નથી, લડવાનું છે. એક વાત જરૂરથી યાદ રાખવી કે, સાવચેતી એ જ શ્રેષ્ઠ ઈલાજ છે.

ગરમીને હળવાશથી ન લો અને વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરો.

### છોકરીઓએ ફરી મેદાન માર્યું

# CBSE ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયું: ૮૫.૨૦% વિદ્યાર્થીઓ પાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

CBSE ધોરણ ૧૨ના અંદાજે ૧૮ લાખ વિદ્યાર્થીઓની રાહ હવે પૂરી થઈ ગઈ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ ૧૨નું પરિણામો જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ હવે સત્તાવાર વેબસાઈટ્સ, results.cbse.nic.in અને cbseresults.nic.in, DigiLocker અને ઉમંગ એપ દ્વારા સરળતાથી તેમના પરિણામો જોઈ શકશે. બોર્ડે વિદ્યાર્થીઓની સુવિધા માટે ઓનલાઈન માર્કશીટ ડાઉનલોડ કરવાની પણ સુવિધા આપી છે.

વિદ્યાર્થીઓ તેમના રોલ નંબર અને અન્ય જરૂરી વિગતોનો ઉપયોગ કરીને તેમના પરિણામો ચકાસી શકે છે. પરિણામ જાહેર થયા પછી વેબસાઈટ પર ટ્રાફિક વધવાની અપેક્ષા છે, તેથી વિદ્યાર્થીઓએ ધીરજ રાખવી જોઈએ. CBSE ૧૨ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. CBSE એ તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ જાહેરાત કરી છે.આ વર્ષે, કુલ ૯૫.૨૦% વિદ્યાર્થીઓએ CBSE ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા પાસ કરી છે. ગત વર્ષે, ૨૦૨૫ માં પાસ થવાની ટકાવારી ૮૮.૩૯% હતી. CBSE ૧૨મા બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીનીઓએ ફરી એકવાર વિદ્યાર્થીઓ કરતાં સારો દેખાવ કર્યો છે. છોકરીઓનો કુલ પાસ ટકાવારી ૮૮.૮૬ ટકા છે, જ્યારે છોકરાઓનો પાસ ટકાવારી ૮૨.૧૩ ટકા છે.આ વર્ષે CBSE ૧૨માના પરિણામમાં કુલ ૯૪,૦૨૮ વિદ્યાર્થીઓએ ૯૦ ટકા અને તેથી વધુ ગુણ મેળવ્યા છે, જ્યારે ૧૭,૧૧૩ વિદ્યાર્થીઓ એવા છે જેમણે ૯૫ ટકાથી વધુ ગુણ મેળવ્યા છે. ૯% થી વધુ વિદ્યાર્થીઓને કમ્પાર્ટમેન્ટ કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યું છે,આ વર્ષે ઝમ્જીઈ ૧૨માના પરિણામોમાં, કુલ ૧૬૩,૮૦૦ વિદ્યાર્થીઓ, એટલે કે, ૯.૨૬%, કમ્પાર્ટમેન્ટ કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યું છે. CBSE એ ઉમંગ એપ પર પણ પરિણામોની ઍક્સેસ આપી છે. વિદ્યાર્થીઓ પ્લે સ્ટોર અથવા એપ સ્ટોર પરથી ઉમંગ એપ ડાઉનલોડ કરી શકે છે. લોગ ઈન કર્યા પછી, ઝમ્જીઈ વિભાગમાં જાઓ અને તમારી વિગતો દાખલ કરો. સબમિટ કર્યા પછી, પરિણામો સ્ક્રીન પર દેખાશે. આ વર્ષે, CBSE ૧૨મા ધોરણની પૂરક પરીક્ષા ૧૫ જુલાઈના રોજ એક જ દિવસ માટે યોજાશે. કમ્પાર્ટમેન્ટની સમસ્યા ધરાવતા વિદ્યાર્થીઓ અથવા એક જ વિષયમાં પોતાના ગુણ સુધારવા માંગતા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે.

છેલ્લા ૫ વર્ષની પાસિંગ ટકાવારી

૨૦૨૫: ૮૮.૩૯%
૨૦૨૪: ૮૭.૯૮%
૨૦૨૩: ૮૭.૩૩%
૨૦૨૨: ૯૨.૭૧%
૨૦૨૧: ૯૯.૩૭%


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૧૩/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૧૮૦ | ૪૬૦.૦૦ | ૫૭૫.૦૦ |
| ૨ | મગફળી | ૩૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૧.૦૦ |
| ૩ | એરંડા | ૯૦ | ૧,૨૮૦.૦૦ | ૧,૨૮૯.૦૦ |
| ૪ | બાજરી | ૩૫ | ૪૩૦.૦૦ | ૪૬૫.૦૦ |
| ૫ | મકાઇ | ૩૫૦ | ૩૮૦.૦૦ | ૪૧૨.૦૦ |
| ૬ | ચણા | ૧૦૦ | ૯૭૦.૦૦ | ૧,૦૫૬.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૯૫ | ૧,૨૮૦.૦૦ | ૧,૩૭૫.૦૦ |
| ૮ | સોયાબીન | ૩૦ | ૯૮૦.૦૦ | ૧,૩૨૧.૦૦ |
| ૯ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૧૦૦.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૦૦.૦૦ | ૧,૩૦૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


### ગુજરાત સરકારના પ્રોત્સાહન અને જાગૃતિ કાર્યક્રમોથી રાજ્યમાં ખેતીનું ચિત્ર બદલાયું

# ગુજરાતમાં ટેન્ડર કોકોનટનું ઉત્પાદન છેલ્લા બે વર્ષમાં ૨૦% વધ્યું, રાજ્યમાં વાર્ષિક ૨૬ કરોડ નાળિયેરનું ઉત્પાદન થાય છે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતનું કૃષિ ક્ષેત્ર પરંપરાગત ખેતીમાંથી આધુનિક, ટેક્નોલૉજી-આધારિત અને નિકાસલક્ષી ખેતી તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં પણ પરંપરાગત પાકો ઉપરાંત બાગાયતી પાકો અને મૂલ્યવર્ધિત ખેતીને સતત પ્રોત્સાહન મળતા ખેડૂતોની આવકમાં વધારો થયો છે. રાજ્યનો વિશાળ દરિયાકાંઠો નાળિયેરની ખેતી માટે અનુકૂળ હોવાથી તેનો સીધો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. ટેન્ડર કોકોનટની વધતી માંગ અને દરિયાકાંઠાના વિસ્તરણને કારણે ગુજરાતે નાળિયેરની ખેતીમાં રેકોર્ડ ઉત્પાદન નોંધાવ્યું છે.

ગુજરાતમાં છેલ્લા ૨ વર્ષમાં ટેન્ડર કોકોનટનું ઉત્પાદન અંદાજે ૨૦% વધ્યું

છેલ્લા ૨ વર્ષમાં રાજ્યમાં ટેન્ડર કોકોનટના ઉત્પાદનમાં અંદાજે ૨૦ ટકાનો વધારો થયો છે. આજે ખેડૂતો વાર્ષિક લગભગ ૨૬ કરોડ નાળિયેરનું ઉત્પાદન કરે છે. આ આંકડો દર્શાવે છે કે, ગુજરાત બાગાયત ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યું છે. રાજ્યના આશરે ૨૮,૦૦૦ હેક્ટર વિસ્તારમાં નાળિયેરની ખેતી કરવામાં આવે છે, જેમાં ગીર



સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, નવસારી, કચ્છ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓનો મહત્વનો ફાળો છે. વર્ષ ૨૦૨૪-૨૫ના આંકડા મુજબ, રાજ્યમાં ટેન્ડર કોકોનટની સરેરાશ ઉત્પાદકતા આશરે ૯.૨૬ હજાર પ્રતિ હેક્ટર છે.

ખેડૂતોને રાજ્ય સરકાર આપી રહી છે ૭૫% સુધીની સબસિડી

રાજ્યના ખેડૂતો બાગાયત પાકો અને મૂલ્યવર્ધન તરફ વળે એ માટે ગુજરાત સરકારના બાગાયત વિભાગ દ્વારા તાલીમ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સાથે જ, ખેડૂતો પર આર્થિક બોજ ન આવે તે માટે નાળિયેરના વાવેતર પર ૭૫ ટકા સુધીની સબસિડી આપવામાં આવે છે. ઉપરાંત, મલ્ચિંગ અને ઈન્ટિગ્રેટેડ પેસ્ટ મૅનેજમેન્ટ જેવી પદ્ધતિઓના ઉપયોગથી પાકની ઉત્પાદકતા વધારવામાં મદદ મળી રહે તે હેતુથી તેમાં પણ સહાય આપવામાં આવે છે. આ સિવાય બાગાયત ખાતા હેઠળની નર્સરી પરથી નાળિયેરીના ઊંચી જાત, ઠીંગણી જાત અને હાઈબ્રિડ જાતોના સારી ગુણવતાવાળા રોપા મળી રહે છે. તેમજ ગુજરાત ગ્રીન રિવોલ્યૂશન કંપની લિમિટેડ દ્વારા ટપક સિંચાઈ પદ્ધતિમાં સહાય આપવામાં આવે છે.

નાળિયેર માટે નુકસાનકારક રૂગોસ વ્હાઈટફ્લાયનો નાશ કરવા ગીરના ખેડૂતે અનોખો પ્રયોગ કર્યો

ચોરવાડથી ઊના સુધીનો દરિયાકાંઠાનો વિસ્તાર "લીલી નાઘેર" તરીકે ઓળખાય છે, જ્યાં છેલ્લા બે વર્ષમાં વ્હાઈટફ્લાયના પ્રકોપથી ખેડૂતોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જોકે, ગુજરાત સરકારના માર્ગદર્શન અને ખેડૂતોના પ્રયાસોથી પરિસ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે.

ગીર જિલ્લાના સૂત્રાપાડાના યુવા ખેડૂત દિનેશ સોલંકીએ આ સમસ્યા માટે દેશી ઉપાય અજમાવીને નાળિયેરના ઉત્પાદન સાથે પોતાની આવકમાં પણ વધારો કર્યો છે. ૧૦૦૦ લિટર પાણીમાં ગોળ અને ગીર ગાયના દૂધનું મિશ્રણ કરીને તેમણે વ્હાઈટફ્લાયનો નાશ કરવામાં સફળતા મેળવી છે.

પહેલાં તેમના ખેતરમાં વર્ષે માત્ર ૧,૦૦૦થી ૧,૫૦૦ નાળિયેરનું ઉત્પાદન થતું હતું, પરંતુ આ પ્રયોગ બાદ ઉત્પાદન વધીને વાર્ષિક ૮,૦૦૦થી ૧૦,૦૦૦ નાળિયેર જેટલું નોંધાયું છે. આજે તેમની વાર્ષિક આવક અંદાજે રૂા.૧૨થી રૂા.૧૫ લાખ સુધી પહોંચી છે અને તેમની સફળતા જોઈને અન્ય ખેડૂતો પણ આ પદ્ધતિ અપનાવવા પ્રેરાયા છે.

નાળિયેરની ખેતીનો વિસ્તાર ૭૦,૦૦૦ હેક્ટર સુધી વધારવાનું ગુજરાત સરકારનું લક્ષ્ય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આગામી વર્ષોમાં નાળિયેર હેઠળનો વાવેતર વિસ્તાર ૭૦,૦૦૦ હેક્ટર સુધી વધારવાનું લક્ષ્ય ધરાવે છે. સાથે જ નાળિયેર આધારિત ઉત્પાદનો જેમ કે વર્જિન કોકોનટ ઓઈલ, કોકોનટ પાઉડર અને પ્રોસેસિંગ દ્વારા મૂલ્યવર્ધન અને નિકાસ બજારોમાં પ્રવેશ માટે પણ પ્રયાસો ચાલી રહ્યા છે. આનાથી ગુજરાત આવનારા સમયમાં નાળિયેર-આધારિત ઉદ્યોગો માટેના વૈશ્વિક હબ તરીકે ઊભરી આવશે.

# કેબિનેટમાં બળવો છતાં બ્રિટનના PM સ્ટાર્મર પદ નહીં છોડવા મક્કમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

બ્રિટનના વડાપ્રધાન કીઅર સ્ટાર્મર મંગળવારે પોતાના વડાપ્રધાનના પદ માટે મક્કમપણે લડતા દેખાયા. તેમની પાર્ટીમાં ઉઠેલા બળવાના સ્વર વચ્ચે કેટલાક મંત્રીઓએ નેતૃત્વ પરિવર્તન માટે સમયપત્રક જાહેર કરવાની માંગ કરી છે. ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે યોજાયેલી મહત્વપૂર્ણ કેબિનેટ બેઠક દરમિયાન સ્ટાર્મરે સ્પષ્ટ કહ્યું કે તેઓ "શાસન ચલાવવાનું ચાલુ રાખશે". સ્થાનિક ચૂંટણીમાં લેબર પાર્ટીના નિરાશાજનક પ્રદર્શન બાદ તેમની સામે દબાણ વધી રહ્યું છે.આ દરમિયાન હાઉસિંગ વિભાગના જુનિયર મંત્રી મિયાતા ફહાનબુલ્લેહે રાજીનામું આપતાં દબાણ વધુ વધ્યું. છતાં સ્ટાર્મરનો દાવો હતો કે, લેબર નેતાને પડકારવા માટે જરૂરી ૨૦ ટકા સાંસદોનો આંકડો હજુ સુધી પૂર્ણ થયો નથી. સ્ટાર્મરે કેબિનેટને કહ્યું, "ગઈકાલે પણ મેં કહ્યું હતું કે ચૂંટણીના પરિણામોની જવાબદારી હું સ્વીકારું છું અને અમે જે બદલાવનું વચન આપ્યું હતું તે પૂરુ કરવાની જવાબદારી પણ મારી છે."

તેમણે વધુમાં જણાવ્યું, "છેલ્લા ૪૮ કલાક સરકાર માટે અસ્થિરતા ભર્યા રહ્યા છે અને તેનો દેશની અર્થવ્યવસ્થા તથા પરિવારો પર ખરાબ પ્રભાવ પડે છે. લેબર પાર્ટીમાં નેતાને પડકારવાની પ્રક્રિયા છે, પરંતુ તે શરૂ થઈ નથી." "દેશને અપેક્ષા છે કે અમે શાસન પર ધ્યાન આપીએ અને હું એ જ કરી રહ્યો છું.

કેબિનેટ તરીકે અમારે પણ એ જ કરવું જોઈએ," એમ તેમણે કહ્યું.સ્ટાર્મરના આ નિવેદનને કેટલાક લેબર સાંસદો માટે પડકારરૂપ માનવામાં આવી રહ્યું છે, કારણ કે તેઓ સ્ટાર્મરને રાજીનામા માટે સમયમર્યાદા જાહેર કરવાની માંગ કરી રહ્યા છે.

### યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીન રવાના થયા તે પહેલા

# ઈરાને કુવૈતમાં ચીનના બંદર પર હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની મુલાકાત માટે રવાના થયા તેના થોડા સમય પહેલા જ કુવૈતે ઈરાન પર આશ્ચર્યજનક આક્ષેપ કર્યો છે. કુવૈતના જણાવ્યા મુજબ, ચીનની મદદથી કુવૈતમાં નિર્માણ પામી રહેલા બંદર પર આ મહિને ઈરાને હુમલા કર્યા હતા, પરંતુ તને નિષ્ફળ બનાવાયા હતા. ચીન અને ઈરાન વચ્ચે ઘનિષ્ઠ મિત્રતા હોવાનું મનાય છે ત્યારે કુવૈતના આક્ષેપ સૂચક મનાય છે. ઈરાન તરફથી આ અંગે પ્રતિક્રિયા અપાઈ નથી, પરંતુ પશ્ચિમ એશિયામાં યુદ્ધ વકરવાનું જોખમ વધ્યું છે.કુવૈતના જણાવ્યા મુજબ, ઈરાનના રીવોલ્યુશનરી ગાર્ડે ઈરાક નજીક પર્શિયન અખાતમાં આવેલા બુબિયન ટાપુમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જેમાં કુવૈતે ચારને ઝડપી લીધા હતા. ચીન દ્વારા આ સ્થળે બંદર નિર્માણ ચાલી રહ્યું છે. ૩ મેના રોજ આ હુમલો થયાનો કુવૈતે દાવો કર્યો છે, પરંતુ ટ્રમ્પની ચીન મુલાકાત સમયે જ આ અંગે ખુલાસો કરવાનું કારણ કુવૈતે જણાવ્યું ન હતું. યુદ્ધ વિરામ વચ્ચે પણ ઈરાન દ્વારા યુનાઈટેડ આરબ એમિરેટ્સ પર વારંવાર હવાઈ હુમલા થઈ રહ્યા છે, પરંતુ મોટા ભાગના હુમલા નિષ્ફળ કરાય છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૯૨૨૮ અને ચાંદીના વાયદામાં રૂ.૧૮૮૯૭નો જંગી ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૩ સુધર્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૬૩૨૭૫.૯૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૪૯૮૦૨.૦૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૫૧૩૧૬.૨૪ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૧૩૦૭૭.૯૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૬૩૨૭૫.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૩૪૯૮૦૨.૦૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૮૮૧.૨૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૫૧૩૧૬.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૮૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૪૪૯૭ અને નીચામાં રૂ.૧૫૪૮૫૧ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૪૪૨ના આગલા બંધ સામે રૂ.૯૨૨૮ના ઉછાળા સાથે રૂ.૧૬૨૬૭૦ થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૭૦૭૨ની તેજી સાથે રૂ.૧૩૦૨૦૯ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૬૧ ઊછળી રૂ.૧૬૨૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૭૩૯ની વૃદ્ધિ સાથે રૂ.૧૬૧૮૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૦૮૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૪૭૫ અને નીચામાં રૂ.૧૫૪૦૮૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૩૪૪૨ના આગલા બંધ સામે રૂ.૮૬૧૫ની ભાવવૃદ્ધિ સાથે રૂ.૧૬૨૦૫૭ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૯૦૨૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૦૧૪૨૯ અને નીચામાં રૂ.૨૯૦૨૨૪ના મથાળે અથડાઈ, રૂ.૨૭૯૦૬૨ના આગલા બંધ સામે રૂ.૧૮૮૯૭ના ઉછાળા સાથે રૂ.૨૯૭૯૫૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૧૯૦૫૧ની તેજી સાથે રૂ.૨૯૯૬૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૧૯૦૪૦ના ભાવવધારા સાથે રૂ.૨૯૯૬૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૭૨૬૮.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૧૬.૦૫ વધી રૂ.૧૪૦૬.૨ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૧.૬૫ વધી રૂ.૩૬૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૮.૩ વધી રૂ.૩૮૬.૩ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો રૂ.૧.૨૫ વધી રૂ.૨૦૪.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૫૬૫.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૫૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૭૧૯ અને નીચામાં રૂ.૪૬૫૪ના સ્તરને સ્પર્શી, રૂ.૩૬ વધી રૂ.૪૬૬૬ થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૯૬૭૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૦૭ અને નીચામાં રૂ.૯૬૧૪ના સ્તરને સ્પર્શી, રૂ.૯૭૨૩ના આગલા બંધ સામે રૂ.૩૩ વધી રૂ.૯૭૫૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૩૫ વધી રૂ.૯૭૫૮ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૩ વધી રૂ.૨૭૨.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૧.૪ વધી રૂ.૨૭૨.૩ના સ્તરે પહોંચ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૧૦૨૦ના ભાવે ખૂલી, રૂ.૨ ઘટી રૂ.૯૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૨૮ના ભાવે ખૂલી, રૂ.૫ વધી રૂ.૨૭૩૯ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૨૭૨૦.૪૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૮૫૯૫.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૫૭૯૭.૬૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૨૧.૦૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦.૨૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૫૦૯.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૦.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૨૪.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૨૦.૫૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૧૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૧૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૫૭૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૪૫૦૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૧૮૨૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૭૮૨૬૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૩૪૧૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૬૧૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૨૩૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૦૧૩૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૮૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૮૬૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૯૨૩ લોટના સ્તરે રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૦.૮ ઘટી રૂ.૧૮૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા વધી રૂ.૧૧.૦૫ના ભાવે બોલાયો હતો. સોનું મે રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૨ વધી રૂ.૩૧૦ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૧૧ વધી રૂ.૧૭૬૪ થયો હતો. તાંબું મે રૂ.૧૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૧ વધી રૂ.૬.૭ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫૪ વધી રૂ.૧.૫૫ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯ ઘટી રૂ.૧૯૨.૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૮.૯૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮૮.૫ વધી રૂ.૮૨૬ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૭૭ વધી રૂ.૧૯૧૯.૫ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૧.૮ ઘટી રૂ.૧૩૩.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૯.૧ થયો હતો.

સોનું મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૪.૫ ઘટી રૂ.૪૬૧.૫ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૨૫.૫ ઘટી રૂ.૯૮૦ થયો હતો. તાંબું મે રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૪૨ ઘટી રૂ.૨૫.૧ થયો હતો. જસત મે રૂ.૩૫૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૭૮ ઘટી રૂ.૦.૧૧ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૯.૮ ઘટી રૂ.૧૪૦.૩૫ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૯.૩૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૯૪.૫ ઘટી રૂ.૮૮૧ થયો હતો.

## જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેય દ્વારા પ્રતાપનગર-એકતાનગર ખંડ અને વડોદરા તથા પ્રતાપનગર સ્ટેશનનું નિરીક્ષણ

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેય દ્વારા આજે પ્રતાપનગર-એકતાનગર સેક્શનનું વિન્ડો ટ્રેઈલિંગ નિરીક્ષણ કર્યું હતું. જનરલ મેનેજર શ્રી પાંડેયને વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકે અને સિનિયર અધિકારીઓ સાથે વડોદરા અને પ્રતાપનગર સ્ટેશનોનું પણ નિરીક્ષણ કર્યું હતું.



જનરલ મેનેજર શ્રી પાંડેય એ ડિવિઝનલ રેલવે મેનેજર વડોદરા ડિવિઝન શ્રી રાજુ ભડકે અને **RLDA** અને **NHSRCL**ના અન્ય સિનિયર અધિકારીઓ સાથે વડોદરા સ્ટેશનની મુલાકાત લીધી હતી. ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકેએ તેમને યાર્ડ રિમોડેલિંગ પ્રોજેક્ટ હેઠળ પ્રસ્તાવિત માળખાગત કાર્યો વિશે માહિતી આપી હતી, જેમાં મુખ્ય લાઈન સાથે લાઈન ૬ અને ૭ ને સીધા જોડવાની વ્યવસ્થા, પ્લેટફોર્મ નં. ૪ અને ૫ ની ક્ષમતા વધારવા, એક નવી સ્ટેબલિંગ લાઈન વિકસાવવા અને અન્ય સંબંધિત કાર્યોનો સમાવેશ થાય છે. વડોદરા રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓના અપગ્રેડના ભાગ રૂપે ડીલોન્જ નું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

જનરલ મેનેજરે વડોદરા સ્થિત ઈલેક્ટ્રિક લોકો શેડનું નિરીક્ષણ ડિવિઝનલ મેનેજર અને ડિવિઝનના સિનિયર અધિકારીઓ સાથે કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમને ઈલેક્ટ્રિક લોકો શેડમાં કરવામાં આવેલા ફેરફારો અને ભવિષ્યના વિસ્તરણ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી. તેમની મુલાકાત દરમિયાન તેમણે શેડના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું, જેમાં ન્યુમેટિક સેક્શન, સહાયક મોટર સેક્શન અને બોગી સેક્શનનો સમાવેશ થાય છે.

તેમને લોકો નિષ્ફળતાઓને શૂન્ય કરવાના ઉદ્દેશ્ય થી કરવામાં આવી રહેલા ટેકનિકલ વિશ્લેષણ અને અપનાવવામાં આવી રહેલા સુધારાત્મક પગલાં વિશે પણ માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ જનરલ મેનેજરે શેડમાં વિકસિત ઈન-હાઉસ ડ્યુલ મોડ શન્ટિંગ એન્જિન 'સારથી'નું નિરીક્ષણ કર્યું અને લોકો શેડ દ્વારા લેવામાં આવેલી આ પહેલની પ્રશંસા કરી. આ શન્ટિંગ એન્જિન **OHE** અને બેટરી - બંને મોડમાં કાર્ય કરવા સક્ષમ છે, જેથી શન્ટિંગ કામગીરીમાં સરળતા, સમયની બચત અને ૨-૩ લોકોમોટિવના કાસ્કેડિંગની જરૂરિયાતને સમાપ્ત થવા જેવા ફાયદા પ્રદાન કરે છે. તેમને ઈલેક્ટ્રિક લોકો શેડ માં સ્થાપિત રિમોટ મોનિટરિંગ સિસ્ટમ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. નિરીક્ષણના આગલા તબક્કામાં જનરલ મેનેજરે પ્રતાપનગર રેલવે સ્ટેશનની મુલાકાત લીધી, જ્યાં તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું. તેમણે સ્ટેશન પર મુસાફરોને પૂરી પાડવામાં આવતી મૂળભૂત સુવિધાઓ, સ્ટેશન વિકાસ કાર્યો, યાર્ડ લેઆઉટ અને નિર્માણાધીન ફૂટ ઓવરબ્રિજની પ્રગતિની સમીક્ષા કરી અને કાર્યોને નિર્ધારિત સમયમર્યાદા માં ગુણવત્તાની સાથે પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો. ત્યારબાદ તેમણે પ્રતાપનગર રેલવે કોલોની સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માં નવનિર્મિત પિકલેબોલ કોર્ટનું ઉદ્ઘાટન કર્યું. પ્રતાપનગર - એકતાનગર ખંડના વિન્ડો ટ્રેઈલિંગ નિરીક્ષણ પછી એકતાનગર સ્ટેશન પર આગમન પર વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકેએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે એકતાનગર સ્ટેશનને વધુ વિકસાવવાની યોજનાઓ વિશે જનરલ મેનેજરને માહિતી આપી. ટ્રેન પરિચાલન ક્ષમતા વધારવા માટે એકતાનગર સ્ટેશન પર વધારાની લૂપ લાઈનનો પ્રસ્તાવ છે, અને ભાડા સિવાયની આવક હેઠળ ફૂડ પ્લાઝાનો પ્રસ્તાવ છે. એકતાનગર સ્ટેશનથી વધારાની ટ્રેનોનું સંચાલન કરવા માટે લાઈન ક્ષમતા વધારવા માટે તિલકવાડા અને મોરયા સ્ટેશનોને અપગ્રેડ કરવામાં આવ્યા છે. રેલ ખાંડ માં ટ્રેનની સમયસરતા સુધારવા માટે મેટલફેન્સીંગ પણ સ્થાપિત કરવામાં આવી છે.

## રિક્ષામાં નજર ચૂકવી પેસેન્જરોના દાગીના-રોકડ સેરવી લેતી ગેંગ ઝડપાઈ, ૪ લાખનો મુદ્દામાલ જપ્ત

### એસટી વર્કશોપ પાસે આવેલા અદાણી સીએનજી પંપ પાસેથી પોલીસે શંકાસ્પદ રિક્ષા સાથે બે શખસોને ઝડપી પાડ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના કાગડાપીઠ વિસ્તારમાં રિક્ષામાં મુસાફરી કરતા પેસેન્જરોને નિશાન બનાવી ચોરી કરતી ગેંગનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે.

ગીતામંદિર પાસેથી રિક્ષામાં બેઠેલા એક મુસાફરના પર્સમાંથી નજર ચૂકવીને લાખોના ઘરેણાં ચોરનાર બે શખસોને પોલીસે દબોચી લીધા છે. પકડાયેલા શખસો પાસેથી સોના-ચાંદીના દાગીના, રોકડ અને ગુનામાં વપરાયેલી રિક્ષા મળી કુલ રૂ.૪.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ઘટનાની વિગત મુજબ, ગત ૩ મેના રોજ એક મુસાફર ગીતામંદિર વિસ્તારમાંથી રિક્ષામાં બેઠો હતો. આ રિક્ષામાં અગાઉથી જ ત્રણ શખસો પેસેન્જર તરીકે બેઠેલા હતા. મુસાફરી દરમિયાન આ શખસોએ પેસેન્જરનું ધ્યાન ભટકાવ્યું હતું અને પર્સમાંથી સોનાની ચેઈન, પેન્ડન્ટ, બુટ્ટીઓ અને રૂ.૫,૦૦૦ની રોકડ અત્યંત ચાલાકીથી ચોરી લીધી હતી. મુસાફરને આ અંગે જાણ થાય તે પહેલા જ આરોપીઓ ફરાર થઈ ગયા હતા.કાગડાપીઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે તપાસનો દોર સંભાળ્યો હતો. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે દાણીલીમડા વિસ્તારમાં વોચ ગોઠવી હતી. એસટી વર્કશોપ પાસે આવેલા અદાણી સીએનજી પંપ પાસેથી પોલીસે શંકાસ્પદ રિક્ષા સાથે બે શખસોને ઝડપી પાડ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓ

- સલીમભાઈ ઉર્ફે સલ્લો મોહમ્મદભાઈ શેખ (ઉં.વ.૪૩):
- રિક્ષા ચાલક સમશેરખાન નામદારખાન પઠાણ (ઉં.વ.૩૭)

પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧.૬૦ લાખની કિંમતનો સોનાની ચેઈન, રૂ.૪૪,૦૦૦ની કિંમતનું સોનાનું પેન્ડન્ટ, રૂ. ૧.૦૭ લાખથી વધુની કિંમતની ૨ જોડી સોનાની બુટ્ટીઓ, ચાંદીના ઘરેણાં, રૂ.૫,૦૦૦ રોકડ અને રિક્ષા સહિત કુલ ૪.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે

ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓને કાગડાપીઠ પોલીસને સોંપી વધુ પૂછપરછ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને આશંકા છે કે આ ટોળકીએ અગાઉ પણ શહેરના અન્ય વિસ્તારોમાં જાહેર પરિવહનનો ઉપયોગ કરતા મુસાફરોને આ જ રીતે નિશાન બનાવ્યા હોઈ શકે છે. આરોપીઓની અન્ય ગુનામાં સંડોવણી મામલે પોલીસે તપાસી હાથ ધરી છે.

ભારતીય સેનામાં જોડાઓ
JOIN INDIAN ARMY AS AN OFFICER
www.joinindianarmy.nic.in

અધિકારી પ્રવેશ

ભારતીય સેનાની 10+2 ટી ઇ એસ 56 કોર્સ (જાન્યુઆરી 2027) માટે ઓનલાઇન અરજી કરવામાં આવે છે. ઓનલાઇન અરજી www.joinindianarmy.nic.in પર 13 મે 2026 થી 12 જૂન 2026 સુધી ખુલ્લી છે. ટી ઇ એસ - 56 કોર્સ માટે JEE મેઇન્સ 2026 જરૂરી છે. આ ક્ષેત્રમાં 12માં ધોરણમાં પી સી એમ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત) માં સર્વશ્રેષ્ઠ 60% વધારાના માપદંડ છે.

OFFICER ENTRY

Online applications are invited for 10+2 Technical Entry Scheme (TES-56) course (Jan 2027) of Indian Army. Online applications will open on www.joinindianarmy.nic.in from 13 May 2026 to 12 Jun 2026. JEE (Mains) 2026 is mandatory for TES-56 Course. This is in addition to the criteria of minimum 60% marks in PCM (Physics, Chemistry and Mathematics) in Class 12th.

નોંધ:
1. આર્મી ભરતી સંપૂર્ણપણે પારદર્શક અને મફત છે. દલાલોથી સાવધાન રહો.
2. વિગતવાર સૂચનાઓ માટે, કૃપા કરીને www.joinindianarmy.nic.in ની મુલાકાત લો.

Note:
1. Recruitment in the Army is totally transparent and free. Beware of touts.
2. For detailed Notification, visit www.joinindianarmy.nic.in

cbc 10601/11/0003/2627

## મેઘાલય વિધાનસભાની જાહેર હિસાબ સમિતિનો ગુજરાત પ્રવાસ: ૧૩ સભ્યોનું પ્રતિનિધિ મંડળ ગુજરાત વિધાનસભાની મુલાકાતે

મેઘાલય વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ-**PAC**ના કુલ ૧૩ સભ્યોનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ તા. ૧૨ થી ૧૫ મે, ૨૦૨૬ દરમિયાન ગુજરાતના ચાર દિવસીય અભ્યાસ પ્રવાસે પધાર્યું છે. જે અંતર્ગત આજે તેમણે ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાની મુલાકાત કરી હતી. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાત વિધાનસભાની સંસદીય કાર્યપ્રણાલી, વહીવટી માળખું, જાહેર હિસાબોની દેખરેખ અને આધુનિક ટેકનોલોજી થકી અપનાવવામાં આવતી શ્રેષ્ઠ પદ્ધતિઓનો અભ્યાસ કરી પરસ્પર અનુભવોનું આદાન-પ્રદાન કરવાનો છે.



ગુજરાત વિધાનસભાની મુલાકાત દરમિયાન મેઘાલય વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ શ્રીમતી મિયાની ડી. શીરા સહિત સભ્યોના પ્રતિનિધિ મંડળને ગૃહની ભવ્યતા અને અત્યાધુનિક સુવિધાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. વિધાનસભાના અધિકારીઓએ તેમને મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓની બેઠક વ્યવસ્થા, પ્રેસ ગેલેરી, વીવીઆઈપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો માટેની પ્રેક્ષક ગેલેરી વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત, ધારાસભ્યોના ઉપયોગ માટે કાર્યરત લાઈબ્રેરીની પણ તેમણે મુલાકાત લીધી હતી, જ્યાં સંસદીય દસ્તાવેજો અને કાયદાકીય સંદર્ભ ગ્રંથોના સંગ્રહની પ્રશંસા કરવામાં આવી હતી. આ મુલાકાતનું મુખ્ય આકર્ષણ ગુજરાત વિધાનસભાની 'પેપરલેસ' કામગીરી અને ડિજિટલ પહેલ રહી હતી. પ્રતિનિધિ મંડળે 'નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન' **(NeVA)** સેવા કેન્દ્રની ખાસ મુલાકાત લીધી હતી. ટેકનોલોજીના માધ્યમથી વિધાનસભાની તમામ પ્રક્રિયાઓને કઈ રીતે ડિજિટાઈઝ કરવામાં આવી છે અને તેનાથી કામગીરીમાં કેવી રીતે પારદર્શિતા અને ઝડપ આવી છે, તે અંગે અધિકારીઓએ મેઘાલયના સભ્યોને પ્રત્યક્ષ નિર્દેશન આપ્યું હતું. ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતના આ મોડેલને પ્રતિનિધિ મંડળે ખૂબ જ પ્રભાવશાળી ગણાવ્યું હતું. આ ચાર દિવસીય પ્રવાસ દરમિયાન સમિતિના સભ્યો ગુજરાતમાં અમૂલ ડેરી, આણંદ સહિત અન્ય વિકાસલક્ષી પ્રકલ્પોની પણ મુલાકાત લેશે, જે બંને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધોને વધુ મજબૂત બનાવશે. આ પ્રસંગે મેઘાલય વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ સહિત સભ્ય સર્વે ડૉ. સેલેસ્ટાઈન લિંગડોહ, શ્રી ગેવિન એમ. માયલીમ, શ્રી રૂપા એમ. મારક, શ્રી રુપર્ટ મોમીન, શ્રી પોલ લિંગડોહ તેમજ ૦૭ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે ગુજરાત વિધાનસભા તરફથી સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતા, નાયબ સચિવ શ્રી દિનેશ ચૌધરી, ઉપ સચિવ શ્રી ચિરાગ પટેલ, સેક્શન ઓફિસર શ્રી ધ્રુવ પટેલ સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

- જીગર બારોટ

# સુરતની ટેક્સટાઈલ યુનિટોમાંથી માનવ વેંચાણના શિકાર બનેલા ૯૧ બાળકોનો બચાવ, સૌથી નાનું બાળક માત્ર ૭ વર્ષનું

માનવ વેંચાણ અને બાળમજૂરી વચ્ચેના ખતરનાક સંબંધને ઉજાગર કરતી એક ચોંકાવનારી ઘટનામાં, ચાર રાજ્યોમાંથી લાવવામાં આવેલા કુલ ૯૧ સગીર બાળકોને સુરતની ત્રણ ટેક્સટાઈલ યુનિટોમાંથી સંયુક્ત કાર્યવાહી દરમિયાન બચાવવામાં આવ્યા હતા. આ કાર્યવાહી ગાયત્રી સેવા સંસ્થાન (જીએસએસ) દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે હાથ ધરવામાં આવી હતી. આ સંયુક્ત ઓપરેશન નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (એનસીપીસીઆર), એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (એએચટીઉ), રાજસ્થાનના ૨૨ પોલીસ અધિકારીઓ, સુરતના પુણા પોલીસ સ્ટેશનના અધિકારીઓ તેમજ એસોસિએશન ફોર વોલન્ટરી એક્શન (એવીએ) અને જીએસએસના સભ્યો દ્વારા મળીને ચલાવવામાં આવ્યું હતું. એસોસિએશન ફોર વોલન્ટરી એક્શન અને ગાયત્રી સેવા સંસ્થાન બંને 'જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન'ના ભાગીદાર છે, જે દેશનું સૌથી મોટું બાળ સુરક્ષા નેટવર્ક છે અને જેમાં ૨૫૦થી વધુ ભાગીદાર સંસ્થાઓ જોડાયેલી છે.



૭ થી ૧૪ વર્ષની વયના આ બાળકોને મુખ્યત્વે રાજસ્થાનના આદિવાસી વિસ્તારોમાંથી માનવ વેંચાણ દ્વારા લાવવામાં આવ્યા હતા. જ્યારે ત્રણ બાળકો ઉત્તર પ્રદેશના હતા અને એક-એક બાળક બિહાર તથા ઝારખંડમાંથી લાવવામાં આવ્યું હતું. દરોડા દરમિયાન માનવ વેંચાણ સાથે જોડાયેલા લોકો અને માલિકો સ્થળ પરથી ફરાર થવામાં સફળ રહ્યા હતા, પરંતુ તેમની સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બચાવાયેલા બાળકોને હાલમાં સુરતની ચાઈલ્ડ વેલફેર કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યા છે.

જીએસએસ દ્વારા એક મહિના સુધી ચાલેલી વિસ્તૃત તપાસ અને મેપિંગ પ્રક્રિયા બાદ આ વિસ્તારોમાં કાર્યરત માનવ વેંચાણના ગેંગ વિશે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (એનસીપીસીઆર)ને જાણ કરવામાં આવી હતી, ત્યારબાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પ્રથમ ટેક્સટાઈલ યુનિટ પર દરોડા દરમિયાન બચાવાયેલા બાળકો જ રેસ્ક્યુ ટીમોને અન્ય સ્થળોએ લઈને ગયા હતા, જ્યાં વધુ બાળકોને બંધક બનાવી કામ કરાવવામાં આવી રહ્યું હતું. ''બાળકો અમને એક એવી ઈમારત સુધી લઈને ગયા જે બહારથી બંધ હતી. પરંતુ બાળકો સતત કહી રહ્યા હતા કે અંદર બીજા બાળકો પણ છે. જ્યારે અમે અંદર પ્રવેશ કર્યો, ત્યારે અમને માત્ર સાત વર્ષ જેટલા નાનાં બાળકો ત્યાં કામ કરતા મળ્યા. તેઓ ખૂબ જ ડરેલા, ગભરાયેલા અને દરરોજ ૧૨ કલાકથી વધુ કામ કરવાના કારણે અત્યંત થાકેલા દેખાતા હતા,'' એવું ગાયત્રી સેવા સંસ્થાનના ડિરેક્ટર ડૉ. શૈલેન્દ્ર પંડ્યાએ જણાવ્યું.

તેમણે આગળ બાળકો જે હાલતમાં મળ્યા તેની પણ વાત કરી.

''જ્યારે અમે અંદર પ્રવેશ કર્યો, ત્યારે આશરે આઠ વર્ષથી વધુ ન હોય એવું એક નાનું બાળક શર્ટ વગર ઉભું હતું. તે બીજાં બાળકો પાછળ છુપાઈ ગયું હતું અને પૂછતું હતું કે કોઈ તેને પહેરવા માટે શર્ટ આપી શકે છે કે નહીં. ત્યાં બાળકોની સ્થિતિ અત્યંત દયનીય હતી,'' તેમણે જણાવ્યું? તેમણે વધુમાં ઉમેર્યું કે આટલા મોટા સ્તરે બચાવ કામગીરી માત્ર એટલા માટે શક્ય બની શકી કારણ કે બંને રાજ્યોના તમામ પોલીસ અધિકારીઓ અને જોડાયેલા તમામ પક્ષોએ ઝડપથી અને તાત્કાલિક કાર્યવાહી કરી.

પ્રાથમિક તપાસ મુજબ, શંકા ન જાય તે માટે માલિકોએ ઈરાદાપૂર્વક ખાસ રીતો અપનાવી હતી. નાનાં બાળકોને વહેલી સવારે યુનિટોમાં લાવવામાં આવતા અને પછી ઈમારતને બહારથી તાળું મારી દેવામાં આવતું. કામનો સમય પૂરો થયા પછી સાંજે ૭ વાગ્યા બાદ જ ઈમારત ખોલવામાં આવતી હતી.

બચાવાયેલા બાળકોને નજીકની વસાહતોમાં અત્યંત ભીડભાડવાળી અને ખરાબ પરિસ્થિતિમાં રાખવામાં આવતા હતા, જ્યાં એક નાનકડા રૂમમાં અંદાજે ૧૨ થી ૧૫ બાળકોને સાથે રહેવું પડતું હતું.

અધિકારીઓ સાથેની વાતચીત દરમિયાન ઘણા બાળકો જણાવ્યું હતું કે તેમના માતા-પિતાને ખબર હતી કે તેમને મજૂરી કામ માટે મોકલવામાં આવ્યા હતા. પરંતુ નાનાં બાળકો જણાવ્યું કે તેમને બાળમજૂરી વિશે કોઈ જાણકારી નહોતી અને તેમને ફરવા લઈ જવાના બહાને સુરત લાવવામાં આવ્યા હતા.

બચાવાયેલા બાળકોમાં રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના આદિવાસી વિસ્તારોના ૮ અને ૧૦ વર્ષની ઉંમરના બે ભાઈઓ પણ સામેલ હતા.

પ્રાથમિક તપાસમાં વધુમાં જાણવા મળ્યું કે કેટલાક બાળકો છેલ્લા ત્રણથી ચાર વર્ષથી આ યુનિટોમાં કામ કરી રહ્યા હતા, જ્યારે કેટલાક બાળકો થોડા સમય પહેલાં જ પોતાના ગામમાંથી અહીં લાવવામાં આવ્યા હતા.

બાળકોના માનવ વેંચાણ જેવા અત્યંત સંગઠિત અને ખતરનાક ગુનાની ચર્ચા કરતા 'જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન'ના નેશનલ કન્વીનર રવિ કાંતે જણાવ્યું હતું કે, ''આ બચાવ કામગીરી એ સ્પષ્ટ કરે છે કે માનવ વેંચાણ અને બાળમજૂરી આજે પણ રાજ્યો વચ્ચે સંગઠિત અને ઊંડે સુધી ફેલાયેલા ગુનાહિત નેટવર્ક તરીકે કાર્ય કરી રહ્યા છે. ખાસ કરીને આદિવાસી અને આર્થિક રીતે નબળા વર્ગોના બાળકોને ખોટા વચનો આપીને ફસાવવામાં આવે છે અને પછી તેમને શોષણભરી મજૂરીની પરિસ્થિતિમાં ધકેલી દેવામાં આવે છે, જ્યાં તેઓને અલગ રાખવામાં આવે છે, બંધક જેવી સ્થિતિમાં જીવવું પડે છે અને તેમનું બાળપણ છીનવી લેવામાં આવે છે. આ ઘટના વધુ મજબૂત આંતરરાજ્ય સમન્વય, સપ્લાય ચેઈન પર સતત નજર અને બાળકોના શોષણમાં સામેલ માનવ વેંચાણકારો, માલિકો અને તમામ મધ્યસ્થીઓ સામે કડક જવાબદારી નક્કી કરવાની તાત્કાલિક જરૂરિયાત દર્શાવે છે.''

## બોલો ભગવાન સાથે પણ છેતરપિંડી?

# હૈદરાબાદના એક શખ્સ ધ્વારા મંદિરમાં દાનમાં આપેલા ''સોના ના'' આભૂષણો નીકળ્યા તાંબાના!!

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત.

પવનપુત્ર હનુમાનના જન્મસ્થળ માનવામાં આવતા પ્રખ્યાત અંજનાદ્રી હિલ મંદિરમાં આપવામાં આવેલા દાનને લઈને એક મોટો વિવાદ ઊભો થયો છે. કારણકે સત્તાવાર ચકાસણી દરમિયાન ૨.૫ કરોડ રૂપિયાના સોનાના દાગીના સોનાથી ઢંકાયેલા તાંબાના દાગીના હોવાનું જાણવા મળ્યું હતું.

હૈદરાબાદ સ્થિત ઉદ્યોગપતિ મહેશ રેડ્ડીએ ૮ મે ના રોજ મંદિરમાં સુશોભન મુગટની કમાન,ચક્ર અને ગદાનું દાન કર્યા પછી આ ઘટના પ્રકાશમાં આવી હતી.

ઉદ્યોગપતિ ગંગાવતીના ધારાસભ્ય ગલી જનાર્દન રેડ્ડી સાથે મંદિરની મુલાકાતે ગયા હતા. જેમણે જાહેરમાં જણાવ્યુ હતું કે, તેમના નજીકના સહયોગીએ દેવતાને લગભગ ૨.૫ કરોડ રૂપિયાના સોનાના આભૂષણો દાનમાં આપ્યા હતા.

જોકે સરકારી તિજોરીમાં સત્તાવાર રીતે દાગીના સ્વીકારતા પહેલા જિલ્લા અધિકારીઓએ ફરજિયાત ચકાસણી પ્રક્રિયા હાથ ધરી હતી. સહાયક કમિશ્નર મહેશ માલાગિટીની આગેવાની હેઠળનો નિરીક્ષણ દરમિયાન અધિકારીઓએ જાણ કરી હતી કે દાગીનામાં ફક્ત ૨૮ ગ્રામ વાસ્તવિક સોનું હતું. બાકીના ભાગો કથિત રીતે સોના ના ઢોળથી કોતરેલા તાંબાના બનેલા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઉધોગપતિએ આભૂષણો માટે સતાવાર ખરીદી બિલ અથવા પ્રમાણિકતા દસ્તાવેજો પણ પૂરા પાડવામાં નિષ્ફળ રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર દાતાની વિનંતી પર આભૂષણોનો ઉપયોગ ફક્ત બે દિવસ માટે જ દેવતાના શણગાર માટે કરવામાં આવ્યો હતો.

આ ખુલાસા બાદ જિલ્લાના વહીવટીતંત્રએ મહેશ રેડ્ડીને નોટિસ જારી કરીને તેમને માન્ય ઈન્વોઈસ અને આભૂષણોની વાસ્તવિક કિંમત અંગેની વિગતો રજૂ કરવા જણાવ્યુ છે. અધિકારીઓએ યોગ્ય દસ્તાવેજો રજૂ ન થાય ત્યાં સુધી દાનમાં આપેલી વસ્તુઓ સરકારી તિજોરીમાં જમા કરાવવાનો પણ ઈંકાર કર્યો છે.

આ ઘટનાએ ભકતો અને સ્થાનિકોમાં વ્યાપક ચર્ચા જગાવી છે. ધાર્મિક દાનના નામે પ્રસિધ્ધિ મેળવવાના ઘણા પ્રશ્નો ઉઠાવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંદિરની પવિત્રતાનું રક્ષણ કરવું અને દાનમાં પારદર્શિતા જાળવવી એ પ્રાથમિકતા છે.

## રાષ્ટ્રહિતની વાત કરનારાઓ ને સવાલ!!

# ''ત્યાગ'' ફકત ભોળી જનતાએ જ કરવાનો? લખલૂંટ ખર્ચા કરનારા નેતાઓએ નહીં?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણામાં કહેવત છે કે ''ડાહી સાસરે ના જાય અને ગાંડીને શિખામણ આપે કે સાસરું તો સારું સાસરે જ રહેવાય'' આ કહેવત આજના આ નેતાઓ કે જેમના કથની અને કરણી અલગ છે. એમને કંઈક અંશે મળતી ઝુલતી આવે છે.

કારણકે એક બાજુ નેતાઓ પ્રજાના પરસેવાના પૈસા ને પાણી ની જેમ વાપરી આભાસી લોકપ્રિયતા દરબારી મીડિયાના સહારે ઊભી કરવાનો મિથ્યા પ્રયાસ કરી પ્રજાને સુફીયાણી સલાહો આપવામાં આવે છે ત્યારે બીજી બાજુ એ જ નેતાઓ લખલૂંટ ખર્ચા કરી એ સિધ્ધ કરી બતાવે છે કે અમે કહીએ એ કરવાનું, અમે કરીએ એમ નહીં.

આ હળહળતા કળીયુગમાં જ્યારે પ્રજાને બે ટંકના ખાવાના ફાંફા પડતા હોય ત્યાં પડતા પર પાટુ મારવા જેવી ''ત્યાગ''ની વાત કરવી કેટલી યોગ્ય છે? આમ પણ દેશની આર્થિક હાલત વધુ કથળી જ છે અને તેનો સીધો પુરાવો રૂપિયાનો સતત ને સતત થઈ રહેલુ પતન છે. પરંતુ આ સમયગાળા દરમિયાન પાંચ રાજયોમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં ચૂંટણી હતી એટલે સતત ચુનાવી મોડમાં રહેલા આપણા વડાપ્રધાન અને એમના સાથીઓએ આ અઢી મહિના દરમિયાન કાપ કે કરકસર ના ''ક'' નું પણ ઉચ્ચારણ કર્યુ નહીં કે ના તો પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કર્યો કે જેથી મતદારો રિસાઈ ન જાય. આ કવાયતનો ભાજપ ને ફાયદો પણ ચૂંટણીમાં મળ્યો. પરંતુ આ ફાયદાની લ્હાયમાં દેશનું અર્થતંત્ર વધુને વધુ લોહી લુહાણ થતું રહ્યું. પરિણામે છેલ્લે સ્થિતિ એ આવી ગઈ કે પાણી ગળાથી ઉપર વહેવા લાગ્યુ ત્યારે આપણા વડાપ્રધાને જાહેર કરવા માંડયુ કે કરકસરથી રહો, પેટ્રોલ બચાવો, ડીઝલ બચાવો, સોનું ન ખરીદો, તેલ વગેરેનો ઉપયોગ ઘટાડો વગેરે વગેરે જેવા ''સંકલ્પો'' પ્રજાને લેવડાવવાનું શરૂ કર્યુ. પરંતુ સવાલ એ છે કે આ ''સંકલ્પો'' લેવડાવવામાં આટલું મોડું કેમ કર્યુ? ચુનાવી ફાયદા માટે દેશના અર્થતંત્રને આવી રીતે અથડાવા દેવું એ કયા પ્રકારની નીતિ છે? આજે અઢી મહિના બાદ જે કરકસરની વાત વડાપ્રધાન પ્રજાને કરી રહ્યા છે એ એમણે શરૂઆતમાં કેમ ન કરી? એટલું જ નહીં પણ આ કરકસર કે સંકલ્પોનો અમલ માત્ર પ્રજા એ જ કરવાનો? સરકારમાં સુખ સાહબી ભોગવતા નેતાઓ કે બાબુઓએ નથી કરવાનો?

વૈશ્વિક સંકટના સમયમાં પ્રજાએ કરકસર કરીને પોતાનો નાગરિક ધર્મ સો ટકા બજાવવો જ જોઈએ પણ નેતાઓ અને અધિકારીઓએ તો તેનો અમલ પહેલાં કરવો જોઈએ. જે ખરેખર હાલ તુરત તો થઈ રહ્યો હોય એવું દેખાઈ રહ્યું નથી.

## ગત વર્ષની સરખામણીએ કપાસમાં રૂ.૫૫૭, તલમાં રૂ.૫૦૦, તુવેરમાં રૂ.૪૫૦ અને મગફળીમાં રૂ.૨૫૪ પ્રતિ ક્વિ. ભાવ વધારો

# ખેડૂતો વાવેતર શરુ કરે તે પહેલા જ વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખરીફ પાકોના ટેકાના ભાવ જાહેર

ધરતીપુત્રોના હિતને વરેલી ભારત સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં ખરીફ પાકોની ખરીદી માટે ટેકાના ભાવની જાહેરાત કરી છે.

ખેડૂતોને આર્થિક સુરક્ષા આપવા તેમજ તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ઈનપુટ સહિતના ખર્ચને ધ્યાને રાખીને ટેકાના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

રાજયમાં મગફળી, કપાસ, ડાંગર, જુવાર, બાજરી, રાગી, મકાઈ, તુવેર, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોના વાવેતરની શરૂઆત થાય તે પહેલાં જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરાતા ખેડૂતો હવે પોતાના પાકને મળનારા લઘુત્તમ ભાવને ધ્યાને રાખી વાવેતર કરી શકશે.

ખૂબ જ ટૂંકા ગાળામાં ટેકાના ભાવોની જાહેરાત કરવા બદલ તેમજ ખરીફ પાકોના ટેકાના ભાવમાં યોગ્ય વધારો કરવા બદલ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગુજરાત સરકાર તેમજ રાજ્યના ખેડૂતો વતી આર્થિક બાબતોની કેબિનેટ કમિટીના અધ્યક્ષ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણનો આભાર વ્યક્ત કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા દર વર્ષે ખરીફ અને રવિ પાકો માટે વાવેતર પહેલાં ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂત મિત્રો આગોતરું આયોજન કરી શકે.

વર્ષ ૨૦૨૬-૨૭માં ટેકાના ભાવની પોલીસી અંતર્ગત સમાવિષ્ટ મગફળી પાક માટે રૂ. ૭,૫૧૭ પ્રતિ ક્વિ., કપાસ (લંબતારી) માટે રૂ. ૮,૬૬૭ પ્રતિ ક્વિ., ડાંગર માટે રૂ. ૨,૪૪૧ પ્રતિ ક્વિ., જુવાર માટે રૂ. ૪,૦૨૩ પ્રતિ ક્વિ., બાજરી માટે રૂ. ૨,૯૦૦ પ્રતિ ક્વિ., રાગી માટે રૂ. ૫,૨૦૫ પ્રતિ ક્વિ., મકાઈ માટે રૂ. ૨,૪૧૦ પ્રતિ ક્વિ., તુવેર માટે રૂ. ૮,૪૫૦ પ્રતિ ક્વિ., મગ માટે રૂ. ૮,૭૮૦ પ્રતિ ક્વિ., અડદ માટે રૂ. ૮,૨૦૦ પ્રતિ ક્વિ., સોયાબીન માટે રૂ. ૫,૭૦૮ પ્રતિ ક્વિ. તેમજ તલ પાક માટે રૂ. ૧૦,૩૪૬ પ્રતિ ક્વિ. ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

ગત વર્ષની સરખામણીએ કપાસ (લંબતારી), તલ અને તુવેરના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ ક્રમશઃ રૂ. ૫૫૭, રૂ. ૫૦૦ અને રૂ. ૪૫૦નો વધારો કરાયો છે. આ ઉપરાંત ગુજરાતના મુખ્ય પાક મગફળીના ટેકાના ભાવમાં પણ રૂ. ૨૫૪ પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. - નિતિન રથવી

## વિભાગની તમામ પ્રકારની મીટિંગો અને ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન ફરજિયાતપણે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કરાશે

# ઈંધણ અને સરકારી સંસાધનોની બચત માટે રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવ દ્વારા મહત્વના આદેશઃ બિનજરૂરી મુસાફરી ટાળવા અને ટેકનોલોજીનો વ્યાપ વધારવા સૂચના

ગુજરાત રાજ્યના પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવ દ્વારા રાજ્યના તમામ ફિલ્ડ યુનિટ, શહેર અને જિલ્લાના વડાઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પોલીસ વિભાગની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાની સાથે સાથે ઈંધણ અને અન્ય સરકારી સંસાધનોનો કરકસરયુક્ત ઉપયોગ કરવા મહત્વની સૂચના આપવામાં આવી છે.



આ સંદર્ભે ડો. રાવે જણાવ્યું હતું કે એસ્કોર્ટ અને પાયલોટીંગની સુવિધા માત્ર નિયત કેટેગરી મુજબ પાત્રતા ધરાવતા મહાનુભાવોને જ ફાળવવામાં આવશે. સામાન્ય સંજોગોમાં પાયલોટીંગ કે ગાઈડ-કારની ફાળવણી ટાળવા અને અનિવાર્ય સંજોગોમાં શહેરી વિસ્તારમાં મોટરબાઈક તથા હાઈવે પર ફોર-વ્હીલરનો ઉપયોગ કરવા જણાવાયું છે. કોર્ટની કામગીરી બાબતે પણ મહત્વનો ફેરફાર સૂચવતા તેમણે જણાવ્યું હતું કે, સરકારી વકીલ સાથેના બ્રિફિંગ માટે અધિકારીઓએ રૂબરૂ જવાને બદલે ટેલિફોનિક અથવા અન્ય કોમ્યુનિકેશન માધ્યમનો ઉપયોગ કરવો. તેમજ 'ન્યાયશ્રુતિ' પ્રોજેક્ટ હેઠળ ઓનલાઈન વીડિયો કોન્ફરન્સ મારફતે સાક્ષી કે જુબાની આપવાની પ્રક્રિયાને પ્રાધાન્ય આપવું, જેથી મુસાફરીનો સમય અને ખર્ચ બચી શકે. વહીવટી સ્તરે પણ પરિવર્તન લાવતા માટે હવે વિભાગની તમામ પ્રકારની મીટિંગો અને ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન ફરજિયાતપણે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જ કરવાનું રહેશે. તપાસ અને સુપરવિઝન હેઠળની ચર્ચાઓ માટે પણ તપાસ અધિકારી અને સુપરવિઝન અધિકારી વચ્ચેની બેઠકો ટેલિફોનિક માધ્યમથી જ પૂર્ણ કરવા સૂચના અપાઈ છે.

બંદોબસ્ત માટે ફોર્સની ફાળવણીમાં પણ વ્યવહારુ અભિગમ અપનાવતા નજીકના પોલીસ સ્ટેશનોમાંથી જ સ્ટાફની ફાળવણી કરવા અને સ્ટાફ માટે ચોક્કસ પીક-અપ પોઈન્ટ નક્કી કરી એક જ વાહનમાં મુસાફરી કરવા અથવા જરૂર જણાયે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા બેઠકમાં જણાવવામાં આવ્યું છે. - ઋચા રાવલ

## ભારતનો પ્રથમ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ ગુજરાતને મળ્યો તે સમગ્ર રાજ્ય માટે ગૌરવની બાબતઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની ગુજરાતને નવતર ભેટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટ દ્વારા અંદાજે રૂ. ૨૦,૬૬૭ કરોડના ખર્ચે અમદાવાદના સરખેજથી ધોલેરા સુધી સેમી હાઈસ્પીડ ડબલ લાઈન રેલ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પીએમ-ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન અંતર્ગત આયોજન કરવામાં આવેલા આ નવતર પ્રોજેક્ટની મહત્વપૂર્ણ વિકાસલક્ષી ભેટ ગુજરાતને આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો અને રેલવે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. 'આત્મનિર્ભર ભારત'ની સંકલ્પના સાકાર કરતો અને સ્વદેશી ટેકનોલોજી પર આધારિત ભારતીય રેલ્વેનો આ પ્રથમ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અમદાવાદ, ધોલેરા SIR, નિર્માણાધીન ધોલેરા એરપોર્ટ અને લોથલ નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડનારો બહુ આયામી પ્રોજેક્ટ બનશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભારતનો પ્રથમ સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ગુજરાતને મળવો એ સમગ્ર રાજ્ય માટે ગૌરવની બાબત છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી શરૂ થનારો આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગુજરાતના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં એક ઐતિહાસિક માઈલસ્ટોન સાબિત થશે.

આ પ્રોજેક્ટ દેશના પ્રથમ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ તરીકે, સેમી હાઈસ્પીડ રેલના તબક્કાવાર વિસ્તરણ માટે સંદર્ભ મોડેલ તરીકે કામ કરતા અગ્રણી પ્રોજેક્ટ તરીકે સેવા આપશે. કેન્દ્ર સરકારે મંજૂર કરેલા આ પ્રોજેક્ટમાં સંકલિત આયોજન અને હિતધારકોની સલાહ દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક કાર્યક્ષમતા વધારવા માટે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ લોકો, માલસામાન અને સેવાઓની અવરજવર માટે સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડશે.

આ સૂચિત પ્રોજેક્ટ ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં આશરે ૧૩૪ કિમીનો વધારો કરશે. આ ઉપરાંત આશરે ૨૮૪ ગામોની કનેક્ટિવિટી વધશે તેનાથી અંદાજે ૫ લાખ લોકોને તેનો લાભ મળશે.

એટલું જ નહિ, પર્યાવરણ અનુકૂળ અને ઊર્જા કાર્યક્ષમ પરિવહન વ્યવસ્થાના ભાગરૂપે આ પ્રોજેક્ટ ઈંધણની બચત થશે અને કાર્બન ઉત્સર્જન તેમજ લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે.

## રાજ્યપાલ ટ્રેન-બસમાં કરશે સફર

# મોદીની અપીલ બાદ માત્ર ૨ કાર સાથે CM ભૂપેન્દ્ર પટેલ રાજુલા પહોંચ્યા

## મંત્રીઓને નહીં ફાળવાય કોન્વોય કે પાયલોટિંગ કાર, હર્ષ સંઘવી ગૃહવિભાગની બેઠક પણ કરશે ઓનલાઈન

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ જનતાને પડતી અગવડતા દૂર કરવા અને સાદગી અપનાવવા માટે વીવીઆઈપી કલ્ચર ઘટાડવાની અપીલ કરી હતી. આ અપીલને પગલે ગુજરાત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પોતાના પ્રોટોકોલમાં મોટો ફેરફાર કરીને એક નવી મિસાલ કાયમ કરી છે. સાથે જ રાજ્યપાલ પણ હવે પોતાની દરેક યાત્રા ST બસ અને ટ્રેનમાં કરશે. અમરેલી જિલ્લાના રાજુલા ખાતે ૨૨ કરોડના ખર્ચે નિર્મિત અત્યાધુનિક ૧૦૮ બેડની હોસ્પિટલના ટ્રોમા સેન્ટરનું લોકાર્પણ કરવા પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વીઆઈપી કલ્ચર ઘટાડવાની અપીલને અક્ષરશઃ સાર્થક કરી બતાવી છે. સામાન્ય રીતે ૧૦થી વધુ વાહનોના લશ્કરી કાફલા સાથે ફરતા મુખ્યમંત્રીએ શિસ્તનું ઉદાહરણ પૂરું પાડતા માત્ર બે જ કાર સાથે રાજુલા પહોંચીને સૌને ચોંકાવી દીધા હતા. સામાન્ય રીતે મુખ્યમંત્રીનો કાફલો ડઝનબંધ ગાડીઓથી ભરેલો હોય છે, પરંતુ હવે તેમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માત્ર ત્રણ કારના કાફલા સાથે ગાંધીનગર નિવાસ્થાને પહોંચ્યા હતા. કાફલામાં સામેલ ગાડીઓની વાત કરીએ તો તેમાં એક પાયલોટિંગ કાર (રસ્તો ક્લિયર કરવા માટે). ત્યારબાદ મુખ્યમંત્રીની પોતાની કાર અને સુરક્ષા કર્મીઓની એક ગાડીનો સમાવેશ થાય છે. આ નિર્ણયથી રસ્તા પર સામાન્ય જનતાને ટ્રાફિકમાં ઊભા રહેવું નહીં પડે અને વીવીઆઈપી મૂવમેન્ટ દરમિયાન થતી અગવડતામાં પણ ઘટાડો થશે. રાજ્ય સરકાર દ્વારા સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. હવે સુરક્ષા કેટેગરીમાં ન આવતા VVIP લોકોને વધારાની પાયલોટિંગ કે કોન્વોયની સુવિધા ફાળવવામાં આવશે નહીં.

સુરક્ષાની દ્રષ્ટિએ કેટેગરી અને નોન-કેટેગરી એમ બે ભાગ હોય છે. રાજ્ય મંત્રીમંડળના સભ્યો નોન-કેટેગરી માં આવતા હોવાથી હવે તેમને સ્પેશિયલ કોન્વોય કે પાયલોટિંગ કારની સુવિધા આપવામાં આવશે નહીં. માત્ર સુરક્ષાના પ્રોટોકોલ મુજબ જ જરૂરી વ્યવસ્થા રાખવામાં આવશે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પણ PM મોદીની અપીલને ઝીલી લીધી છે. તેમણે માત્ર કાફલામાં જ ઘટાડો નથી કર્યો, પરંતુ સરકારી વહીવટમાં કાર્યક્ષમતા વધારવા માટે પણ મહત્વનો નિર્ણય લીધો છે. હર્ષ સંઘવીના કાફલામાં પણ હવે માત્ર ૩ ગાડીઓ જ રહેશે. ગૃહ વિભાગની બેઠકો હવે મોટાભાગે ઓનલાઈન લેવામાં આવશે. ગાંધીનગરની બહારના અધિકારીઓને રૂબરૂ આવવાને બદલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાવવા સૂચના આપવામાં આવી છે. આનાથી અધિકારીઓનો સમય બચશે અને સરકારી ખર્ચમાં પણ ઘટાડો થશે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પર્યાવરણ જાળવણી અને ઈંધણ બચતના ઉમદા હેતુથી એક પ્રેરણાદાયી નિર્ણય લીધો છે, જે અંતર્ગત તેઓ હવે હેલિકોપ્ટર કે વિમાન સેવાના બદલે ST બસ અને ટ્રેનમાં મુસાફરી કરશે. રાજ્યપાલે પોતાના કાફલામાં પણ ગાડીઓની સંખ્યા ન્યૂનતમ રાખવાનો નિર્ણય કર્યો છે.

# લાકડાના જહાજમાં ઝેરી ગેસની અસરથી ૩ શ્રમિકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના દરિયાકાંઠે આવેલા દેશના મહત્વના કંડલા પોર્ટ (દીનદયાલ પોર્ટ) પરથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. કંડલા પોર્ટની જેટી નંબર ૧૩ પર કામ કરી રહેલા ત્રણ શ્રમિકોના શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતા ફફડાટ મચી ગયો છે. પ્રાથમિક અહેવાલ મુજબ, જહાજમાં રાખવામાં આવેલા લાકડામાં વપરાતા કેમિકલની ઝેરી અસરને કારણે આ દુર્ઘટના ઘટી હોવાની આશંકા છે. ઘટનાની મળતી માહિતી અનુસાર, જેટી નંબર ૧૩ પર લાકડા (Timber) ભરેલું એક જહાજ લાંગરવામાં આવ્યું હતું. આ જહાજમાં માલ ખાલી કરવાની કે, અન્ય કામગીરી દરમિયાન ત્રણ મજૂરો અચાનક બેભાન થઈ ગયા હતા. લાકડાને જંતુમુક્ત રાખવા માટે વપરાતા ઉગ્ર ઝેરી કેમિકલ અથવા ગેસની અસરને કારણે આ ત્રણેય શ્રમિકોના મોત થયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતા જ પોર્ટના ઉચ્ચ અધિકારીઓ અને એમ્બ્યુલન્સ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. શ્રમિકોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાને પગલે પોર્ટ પર સુરક્ષા અને સલામતીના સાધનો મુદ્દે પણ સવાલો ઉઠી રહ્યા છે. હાલમાં કંડલા પોર્ટ પ્રશંસાશન અને સ્થાનિક પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. એફએસએલ (FSL) ની મદદ લઈને જહાજમાં કયા પ્રકારનું ઝેરી કેમિકલ હતું અને મજૂરો પાસે પૂરતા સેફ્ટી ગિયર્સ હતા કે, નહીં તે દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.